# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 22.05.2026** **MORNING: 7.45 TO 7.55**
**Day: FRIDAY** **National News**

આકાશવાણી સમાચાર **નિકિતા શાહ** વાંચે છે.

*****************************************************

1) પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં સાયપ્રસના રાષ્ટ્રપતિ સાથે બેઠક યોજશે.

2) ભારત અને ઇજિપ્તે આતંકવાદનો સામનો કરવામાં દ્વિપક્ષીય સહયોગના મહત્વ પર ભાર મૂક્યો.

3) કોલકાતા વડી અદાલતે RG કર કેસ મામલે CBIને ત્રણ સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવવાનો આદેશ આપ્યો.

4) પુલવામા આતંકવાદી હુમલાના કથિત માસ્ટરમાઇન્ડ હમઝા બુરહાનની પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં ગોળી મારી હત્યા કરાઇ.

5) IPL ક્રિકેટમાં અમદાવાદમાં રમાયેલી મેચમાં ગુજરાત ટાઇટન્સે ચેન્નાઈ સુપર કિંગ્સને 89 રનથી હરાવ્યું - આજે સનરાઇઝર્સ હૈદરાબાદ - રોયલ ચેલેન્જર્સ બેંગ્લોર વચ્ચે મુકાબલો.

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ એક વાગીને 20 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો....**

# PM-CYPRUS-PREZ

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં સાયપ્રસના રાષ્ટ્રપતિ નિકોસ ક્રિસ્ટો ડુલિડ્સ સાથે વાતચીત કરશે.

શ્રી ક્રિસ્ટો ડુલિડ્સ ગઈકાલે નવી દિલ્હી પહોંચ્યા હતા. એરપોર્ટ પર તેમનું સ્વાગત માર્ગ પરિવહન અને રાજમાર્ગ રાજ્યમંત્રી અજય ટામ્ટાએ કર્યું હતું.

પ્રસ્તુત છે એક અહેવાલ....

VC- ANUPAM-CYPRUS

# INDIA-EGYPT-COUNTER TERRORISM

ભારત અને ઇજિપ્તે આતંકવાદનો સામનો કરવામાં દ્વિપક્ષીય સહયોગના મહત્વ પર ભાર મૂક્યો છે. બંને દેશોએ સરહદ પાર આતંકવાદ સહિત તમામ પ્રકારના આતંકવાદની સખત નિંદા કરી અને આતંકવાદ પ્રત્યે શૂન્ય સહિષ્ણુતાના સિદ્ધાંતની  પુનઃપુષ્ટિ કરી..

પ્રસ્તુત છે એક અહેવાલ.......

VC- JAYA-BHARTI

# RG KAR

કોલકાતા વડી અદાલતે RG કર કેસ મામલે CBI ને ત્રણ સભ્યોની સ્પેશિયલ ઈન્વેસ્ટિગેશન ટીમ બનાવવાનો આદેશ આપ્યો છે. આ ટીમ ઓગસ્ટ 2024માં RG કર મેડિકલ કોલેજમાં તાલીમાર્થી ડોક્ટર પર થયેલા દુષ્કર્મ અને હત્યાની વ્યાપક તપાસ કરશે. જસ્ટિસ શંપા સરકાર અને તીર્થંકર ઘોષની ડિવિઝન બેન્ચે ગઈકાલે જણાવ્યું હતું કે CBIના પૂર્વીય ક્ષેત્રના સંયુક્ત નિયામક ટીમનું નેતૃત્વ કરશે.

બેન્ચે જણાવ્યું હતું કે, આ જઘન્ય ઘટનાના સામાજિક પરિણામોને ધ્યાનમાં રાખીને, ત્રણ સભ્યોની SIT પુરાવાનો નાશ કરવાના આરોપો અને ડૉક્ટરના માતાપિતા દ્વારા કરવામાં આવેલા, ઘટનાને દબાવવા અને ઓછી દર્શાવવાના આરોપોની તપાસ કરશે. કોર્ટે તપાસ ટીમને 25 જૂન સુધીમાં, કેસની આગામી સુનાવણી સુધીમાં વિગતવાર રિપોર્ટ રજૂ કરવાનો નિર્દેશ આપ્યો હતો.

# PULUWAMA MASTERMIND KILLED

પુલવામા આતંકવાદી હુમલાના કથિત માસ્ટરમાઇન્ડ હમઝા બુરહાનની પાકિસ્તાન અધિકૃત કાશ્મીરમાં અજાણ્યા બંદૂકધારીઓ દ્વારા ગોળી મારીને હત્યા કરવામાં આવી છે. હમઝા અલ-બદ્ર આતંકવાદી સંગઠનનો કમાન્ડર હતો અને 2022માં ભારત દ્વારા તેને આતંકવાદી જાહેર કરવામાં આવ્યો હતો.

પોલીસના જણાવ્યા અનુસાર મુઝફ્ફરાબાદમાં અજાણ્યા હુમલાખોરોએ તેના પર નજીકથી ગોળીબાર કર્યો હતો. ગંભીર રીતે ઘાયલ બુરહાનને તાત્કાલિક હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યો હતો જ્યાં તેનું મૃત્યુ થયું હતું.

ઉલ્લેખનીય છે કે જમ્મુ અને કાશ્મીરના પુલવામા જિલ્લાનો રહેવાસી હમઝા બુરહાન પાકિસ્તાન ગયો હતો અને અલ-બદ્ર આતંકવાદી સંગઠનમાં જોડાયો હતો.

## UP-HEAT-WAVE

ઉત્તર પ્રદેશમાં કાળઝાળ ગરમી પડી રહી છે. બાંદા જિલ્લામાં ગઈકાલે સતત પાંચમા દિવસે દેશનું સૌથી વધુ 47.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

બુંદેલખંડ સૌથી વધુ અસરગ્રસ્ત પ્રદેશ રહ્યો, જ્યાં મોટાભાગના વિસ્તારોમાં તાપમાન 45 ડિગ્રી સેલ્સિયસથી વધુ નોંધાયું. આ સાથે પ્રયાગરાજમાં 46.6, વારાણસીમાં 45.6 અને લખનૌમાં 43.6 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું. હવામાન વિભાગે દેશમાં કેટલાક સ્થળે ભારે ગરમી અને કેટલાક સ્થળે વરસાદની આગાહી કરી છે.

પ્રસ્તુત છે એક અહેવાલ........

VC: SHIVANG-MISHRA

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

# IMP ANNOUNCEMENT

## એક અગત્યની જાહેરાત

આકાશવાણી અમદાવાદના પ્રાદેશિક સમાચાર વિભાગ દ્વારા ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અંગેની વિશેષ શ્રેણીનો વધુ એક ભાગ આજે 22-મેના રોજ રાત્રે 9.15 મિનિટે પ્રસારિત કરાશે. આ વિશેષ કાર્યક્રમમાં ભાગ લઈ રહ્યા છે, ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના સચિવશ્રી રમેશ મેરજા અને આકાશવાણી અમદાવાદના સમાચાર વાચક પ્રવેશ અડિએચા.

તો, સાંભળવાનું ચૂકશો નહીં, આજે રાત્રે 9.15 મિનિટે ગુજરાત પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ અંગેની વિશેષ શ્રેણીનો વધુ એક ભાગ. આ કાર્યક્રમનું જીવંત પ્રસારણ આકાશવાણી અમદાવાદની યુ-ટ્યૂબ ચેનલ AIR ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકાશે.

# IOCL

ઇન્ડિયન ઓઇલ કોર્પોરેશન લિમિટેડે જણાવ્યું કે, તેના રિટેલ નેટવર્કમાં ઇંધણનો પુરવઠો સ્થિર છે અને દેશમાં ઇંધણની કોઈ અછત નથી. સોશિયલ મીડિયા પોસ્ટમાં, ઇન્ડિયન ઓઇલે સ્પષ્ટ કર્યું કે, તેણે રિટેલ આઉટલેટ્સ પર ઇંધણના રેશનિંગ માટે કોઈ નિર્દેશ જારી કર્યા નથી, અને દેશભરમાં પુરવઠો સરળતાથી ચાલી રહ્યો છે.

કંપનીએ જણાવ્યું કે ઇંધણની માંગમાં તાજેતરમાં વધારો મુખ્યત્વે પાકની મોસમ દરમિયાન ડીઝલના વપરાશમાં વધારો થવાને કારણે છે. ઇન્ડિયન ઓઇલે ગ્રાહકોને ગભરાટમાં ઇંધણ ખરીદવા નહીં અને સચોટ માહિતી માટે ફક્ત સત્તાવાર મીડિયા પર આધાર રાખવાની અપીલ કરી છે. ઇન્ડિયન ઓઇલે દેશભરમાં વિશ્વસનીય ઇંધણ ઉપલબ્ધતા સુનિશ્ચિત કરવા માટે તેની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો.

# RAILWAYS-ALERT

રેલવે માળખાગત સુવિધાઓ અને ટ્રેન કામગીરીને લક્ષ્ય બનાવતી તાજેતરની ઘટનાઓ વચ્ચે, રેલવે મંત્રાલયે મુસાફરોને મુસાફરી કરતી વખતે સતર્ક રહેવા અને રેલવે પરિસરમાં કોઈપણ શંકાસ્પદ પ્રવૃત્તિ અથવા વ્યક્તિ અંગે હેલ્પલાઇન નંબર 139 પર તાત્કાલિક જાણ કરવા વિનંતી કરી છે.

ગઈકાલે નવી દિલ્હીના રેલ ભવનમાં રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની અધ્યક્ષતામાં યોજાયેલી ઉચ્ચ સ્તરીય સુરક્ષા સમીક્ષા બેઠક બાદ આ વિનંતી કરવામાં આવી હતી.

મંત્રાલયના જણાવ્યા અનુસાર, આગની કેટલીક ઘટનાઓ સહિત તાજેતરની અનેક ઘટનાઓની પ્રાથમિક તપાસમાં અસામાજિક તત્વોની સંડોવણીનો સંકેત મળ્યો છે. રેલવે સુરક્ષા દળ (RPF) આ ઘટનાઓની સક્રિય તપાસ કરી રહ્યું છે. અધિકારીઓએ બેઠક દરમિયાન જણાવ્યું કે ઘણા કિસ્સાઓમાં, રેલવે અધિકારીઓ દ્વારા સમયસર અને સક્રિય કાર્યવાહીથી મોટા અકસ્માતો અટકાવવામાં મદદ મળી છે.

રેલવેએ જણાવ્યું હતું કે તે મુસાફરો, ટ્રેનો, સ્ટેશનો અને વિશાળ રેલ નેટવર્કની સુરક્ષાને મજબૂત બનાવવા માટે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI), ડ્રોન અને CCTV સિસ્ટમ જેવા આધુનિક ટેકનોલોજીકલ સાધનોનો ઉપયોગ વધારી રહ્યું છે.

# WHO IBOLA

વિશ્વ આરોગ્ય સંગઠન (WHO) એ જણાવ્યું કે, 21 મે સુધીમાં કોંગો અને યુગાન્ડામાં ઇબોલા ચેપના કુલ 650 શંકાસ્પદ કેસ નોંધાયા છે. આ ચેપને કારણે 144 લોકોના મોત થયા છે. WHO એ રવિવારે આંતરરાષ્ટ્રીય ચિંતાની જાહેર આરોગ્ય કટોકટી જાહેર કરી હતી, જેમાં જણાવ્યું હતું કે પરિસ્થિતિ હજુ સુધી રોગચાળાના સ્તરે નથી. WHO એ જણાવ્યું છે કે ઇબોલાના આ ચોક્કસ સ્ટ્રેન સામે રસી વિકસાવવામાં નવ મહિના જેટલો સમય લાગી શકે છે.

પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, 28 મેના રોજ નવી દિલ્હીમાં શરૂ થનારી ભારત-આફ્રિકા ફોરમ સમિટ મુલતવી રાખવામાં આવી છે. ભારતે અસરગ્રસ્ત આફ્રિકન દેશોમાં મુસાફરી કરતા અને ત્યાંથી આવતા મુસાફરો માટે સલાહ જારી કરી છે.

જે અનુસાર, કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાન સહિતના ઉચ્ચ જોખમ ધરાવતા દેશોમાં મુસાફરી કરનારા લોકોને તાવ, માથાનો દુખાવો, સ્નાયુઓમાં દુખાવો, અસ્પષ્ટ રક્તસ્રાવ, ઉલટી અને ગળામાં દુખાવો જેવા લક્ષણોનો અનુભવ થાય તો તાત્કાલિક તબીબી સહાય લેવાની વિનંતી કરવામાં આવી છે. જોકે, દેશમાં હજુ સુધી ઇબોલા ચેપનો કોઈ કેસ નોંધાયો નથી.

# IPL

IPL ક્રિકેટમાં, ગુજરાત ટાઇટન્સે ગઈકાલે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમ ખાતે ચેન્નાઈ સુપર કિંગ્સને 89 રનથી હરાવ્યું.

ગુજરાત ટાઇટન્સએ 230 રનના લક્ષ્યનો પીછો કરતા, ચેન્નાઈ સુપર કિંગ્સ 13.4 ઓવરમાં 140 રનમાં ઓલઆઉટ થઈ ગઈ. શિવમ દુબે એ સૌથી વધુ 47 રન બનાવ્યા. મોહમ્મદ સિરાજ, રાશિદ ખાન અને રબાડાએ 3-3 વિકેટ લીધી.

અગાઉ, ચેન્નાઈ સુપર કિંગ્સે ટોસ જીતીને બોલિંગ કરવાનો નિર્ણય લીધો અને નિર્ધારિત 20 ઓવરમાં 4 વિકેટ ગુમાવીને 229 રન બનાવ્યા હતા. સાઈ સુદર્શન 84 અને શુભમન ગિલે 64 રન બનાવ્યા. મોહમ્મદ સિરાજને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. આજે, સનરાઇઝર્સ હૈદરાબાદ સાંજે 7.30 વાગ્યે હૈદરાબાદમાં રોયલ ચેલેન્જર્સ બેંગલુરુ સામે ટકરાશે.

# આજના અખબારોનાં મુખ્ય સમાચાર રજૂ કરે છે મિત્તલ પટેલ

1. આજના અખબારોએ વિવિધ સમચારોની હેડલાઇન બનાવી છે..
2. નવ ગુજરાત સમય લખે છે કે યુરેનિયમ મુદ્દે ટ્રમ્પની ડીલ ઈરાનને નામંજૂર.. દેશ અગન ભઠ્ઠી બન્યો અને પુલવામાં હુમલાનો માસ્ટર માઇન્ડ હમઝા પી ઓ કે ઠાર મરાયો
3. સંદેશે લખ્યું કે ,ધગધગતું ઉત્તર પ્રદેશ: ગરમીનો પારો 50 ડિગ્રી પોહચે તેવી શક્યતા
4. ગુજરાત સમાચારે જેનઝી સ્વરૂપે એક કરોડ કોકરોચ ફોલોવર્સને હેડ લાઇન બનાવી છે.

--------------------------------------